# ગુજરાત માહિતી આયોગ

બ્લોક નં.-૧, બીજા માળે, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર- +૯૧ ૭૯ ૨૩૨ ૫૭૩૧૪, ૫૨૮૨૭, ૫૮૦૭૦
**ઇ-મેઇલ:** gscic@gujarat.gov.in **વેબસાઇટ:** www.gic.gujarat.gov.in


<u>તાત્કાલીક</u>

જીઆઇસી/ફરિયાદ-૦૯૪૩-૨૦૨૩/કોર્ટ કેસ યુનિટ

તા.૨૬-૦૩-૨૦૨૫

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.૧૪/૯, નવા સચિવાલય,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

વિષય : શ્રી બુધ્ધીસાગર નટવરલાલ શાહ રહે, મુ.વેજલપુર. તા.કાલોલ. જી.પંચમહાલ દ્વારા માહિતી અધિકાર અધિનિયમ એક્ટ -૨૦૦૫ હેઠળ કરવામાં આવતી અરજીઓ બાબત. ગુજરાત માહિતી આયોગનો તા.૦૬/૦૨/૨૦૨૫ નો સંયુક્ત હુકમ ક્રમાંક: ફ-૦૯૪૩-૨૦૨૩ અન્ય ૩૧.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેનો ગુજરાત માહિતી આયોગનો તા.૦૬/૦૨/૨૦૨૫ નો હુકમ ક્રમાંક: ફ-૦૯૪૩-૨૦૨૩ અન્ય ૩૧ સંયુક્ત હુકમની નકલ આ સાથે સામેલ છે. આ હુકમ અન્વયે આપના હસ્તકના તમામ જાહેર સત્તામંડળો ને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(જયદીપ દ્વિવેદી)
સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર.

સં
૨૧/૩/૨૫

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લૉક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર

માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૮(૧) હેઠળ ફરિયાદ બાબત.

| ફરિયાદ નંબરો | |
|---|---|
| ફરિયાદ નંબરઃ ફ-૯૪૩-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૪૪-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૪૫-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૪૬-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૪૭-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૪૮-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૪૯-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૫૦-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૫૧-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૫૨-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૫૩-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૫૪-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૫૫-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૫૬-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૫૭-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૬૧-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૬૨-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૬૩-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૬૪-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૬૫-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૬૬-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૬૭-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૬૮-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૬૯-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૭૦-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૭૧-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૭૨-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૭૩-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૭૪-૨૦૨૩, | ફરિયાદ નંબરઃ ફ-૯૭૫-૨૦૨૩, |
| ફરિયાદ નંબરઃ ફ-૯૭૬-૨૦૨૩ | ફરિયાદ નંબરઃ ફ-૯૭૭-૨૦૨૩ |

ફરિયાદી : શ્રી બુધ્ધિસાગર નટવરલાલ શાહ
ઘર નં.૭૨૦, માળી ફળિયુ, મુ.પો.વેજલપુર,
તા. કાલોલ
જી. પંચમહાલ - ૩૮૯૩૪૦
વિરુધ્ધ

સામાવાળા : (૧) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
રાબોડ ગ્રામ પંચાયતની કચેરી,
મુ.રાબોડ, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૧૦

(૨) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
વ્યાસડા ગ્રામ પંચાયતની કચેરી,
મુ.વ્યાસડા, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૪૦

(૩) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
બેઢીયા ગ્રામ પંચાયત કચેરી,
મુ.બેઢીયા, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૧૦

(૪) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી કમ મંત્રીશ્રી,
રતનપુરા ગ્રામ પંચાયતની કચેરી,
મુ.રતનપુરા, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૫) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
ડેરોલ ગ્રામ પંચાયતની કચેરી,
મું. ડેરોલ, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૨૦

(૬) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી કમ મંત્રીશ્રી,
વાછાવાડ ગ્રામ પંચાયતની કચેરી,
મુ.વાછાવાડ, તા. કાલોલ
જી. પંચમહાલ - ૩૮૯૩૪૦

(૭) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી કમ-મંત્રી,
ખરસાલીયા ગ્રામ પંચાયત,
મુ.ખરસાલીયા, તા. કાલોલ
જી. પંચમહાલ - ૩૮૯૩૪૦

(૮) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
વરવાડા ગ્રામ પંચાયતની કચેરી,
મું. વરવાડા, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૯) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
મલાવ ગ્રામ પંચાયત ની કચેરી,
મલાવ, તા. કાલોલ
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૧૦) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
શામળદેવી ગ્રામ પંચાયતની કચેરી,
શામળદેવી, તા. કાલોલ
જી. પંચમહાલ - ૩૮[illegible]

(૧૧) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
મોકળ ગ્રામ પંચાયત કચેરી,
મોકળ, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૧૨) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
એરાલ ગ્રામ પંચાયત,
મુ.પો.એરાલ, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૪૦

(૧૩) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મું. શક્તિપુરા
તા. કાલોલ, જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૧૪) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
ઘોડા ગ્રામ પંચાયતની કચેરી,
મુ.ઘોડા, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૧૫) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી કમ મંત્રીશ્રી,
ભાદરોલી બુજર્ગ ગ્રામ પંચાયતની કચેરી,
મુ.ભાદરોલી બુજર્ગ, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૧૦

(૧૬) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી કમ મંત્રીશ્રી,
હિંમતપુરા ગ્રામ પંચાયતની કચેરી,
મુ.હિંમતપુરા, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૧૭) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
કણેટીયા ગ્રામ પંચાયત કચેરી,
મુ.કણેટીયા, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૧૮) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી કમ મંત્રીશ્રી,
અલવા ગ્રામ પંચાયતની કચેરી,
મુ.અલવા, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૧૦

(૧૯) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી કમ મંત્રીશ્રી,
નેવરીયા ગ્રામ પંચાયતની કચેરી,
મુ.નેવરીયા, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૨૦) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
બાકરોલ ગ્રામ પંચાયત કચેરી,
મુ.બાકરોલ, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૨૧) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
ખંડેવાળ ગ્રામ પંચાયતની કચેરી,
ખંડેવાળ, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૨૨) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ની કચેરી,
મેહાપુર ગ્રામ પંચાયતની કચેરી,
તા. કાલોલ જી. પંચમહાલ - ૩૮૯૩૩૦


ગુજરાત માહિતી આયોગ * ગાંધીનગર *


(૨૩) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી કમ મંત્રીશ્રી,
કાનોડ ગ્રામ પંચાયતની કચેરી,
મુ.કાનોડ, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૨૦

(૨૪) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી કમ મંત્રીશ્રી,
ચલાલી ગ્રામ પંચાયતની કચેરી,
મુ.ચલાલી, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૪૧

(૨૫) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
પલાસા ગ્રામ પંચાયતની કચેરી,
મુ.પલાસા, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૨૬) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી કમ મંત્રીશ્રી,
અંબાલા ગ્રામ પંચાયતની કચેરી,
મુ.અંબાલા, તા. કાલોલ
જી. પંચમહાલ - ૩૮૯૩૨૦

(૨૭) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
સણસોલી ગ્રામ પંચાયત કચેરી,
મુ.સણસોલી, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૨૦

(૨૮) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
જંત્રાલ ગ્રામ પંચાયતની કચેરી,
મુ.જંત્રાલ, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૨૯) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
ડેરોલ ગ્રામ પંચાયતની કચેરી,
મું. ડેરોલ, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૨૦

(૩૦) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
સગનપુરા ગ્રામ પંચાયત,
સગનપુરા, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૩૧) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી કમ મંત્રીશ્રી,
દેવપુરા ગ્રામ પંચાયતની કચેરી,
મુ.દેવપુરા, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૩૨) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
તલાટી-કમ-મંત્રીશ્રી,
ખંડોળી ગ્રામ પંચાયતની કચેરી,
ખંડોળી, તા. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

(૩૩) <u>અપીલ સત્તાધિકારીશ્રી</u>
તાલુકા વિકાસ અધિકારીશ્રી,
તાલુકા પંચાયતની કચેરી,
કાલોલ-ગોધરા હાઇવે રોડ,
મુ. પો. કાલોલ,
જી. પંચમહાલ - ૩૮૯૩૩૦

**<u>તા. ૭/૧/૨૦૨૫</u>**
**મનોજ પટેલ, રાજ્ય માહિતી કમિશનર**
**ગુજરાત રાજ્ય સમક્ષ**

<u>ઉપરોક્ત કુલ-૩૨ ફરિયાદોની વિગતો અને પક્ષકારો સમાન હોવાથી તમામ કુલ-૩૨ ફરિયાદોનો હુકમ એક સાથે કરવો આયોગને યોગ્ય જણાય છે. આથી, તમામ ફરિયાદોનો સંયુક્ત હુકમ કરવામાં આવે છે.</u>

સુનાવણી તારીખ : તા.૨૧/૧૧/૨૦૨૪
તા.૩૦/૧૧/૨૦૨૪
તા.૧૨/૧૨/૨૦૨૪
તા.૦૨/૦૧/૨૦૨૫

| | | |
|---|---|---|
| નમૂના-કની અરજી | : | તા.૨૭/૦૨/૨૦૨૩<br>મુદ્દા- ૯ |
| જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : | તા.----- |
| પ્રથમ અપીલ | : | તા.૨૭/03/૨૦૨૩ |
| પ્રથમ અપીલનો હુકમ | : | તા.૧૬/0૮/૨૦૨૩ |
| ફરિયાદની તારીખ | : | તા.૧૩/0૯/૨૦૨૩ |
| ફરિયાદીની લેખિત રજૂઆત | : | તા.----- |

<u>સામાવાળાનો લેખિત અહેવાલ:-</u>

**જાહેર માહિતી અધિકારીશ્રીના અહેવાલો:-**

| અનુ. નં. | ફરિયાદ નંબર | ગામનું નામ | અહેવાલ તારીખ |
|---|---|---|---|
| ૧. | ફ-૯૪૩-૨૦૨૩ | રાબોડ | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| ૨. | ફ-૯૪૪-૨૦૨૩ | વ્યાસડા | તા.૨૮/૧૧/૨૦૨૪ |
| ૩. | ફ-૯૪૫-૨૦૨૩ | બેઢીયા | તા.૦૧/૧૦/૨૦૨૪ |
| ૪. | ફ-૯૪૬-૨૦૨૩ | રતનપુરા | તા.૨૧/03/૨૦૨૪ |
| ૫. | ફ-૯૪૭-૨૦૨૩ | ડેરોલ સ્ટેશન | તા.૨૦/03/૨૦૨૪ |
| ૬. | ફ-૯૪૮-૨૦૨૩ | વાછાવાડ | તા.૨૧/03/૨૦૨૪ |
| ૭. | ફ-૯૪૯-૨૦૨૩ | ખરસાલી | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| [illegible] | ફ-૯૫૦-૨૦૨૩ | [illegible] | તા.૨૦/૧૧/૨૦૨૪ |
| ૯. | ફ-૯૫૧-૨૦૨૩ | મલાવ | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| ૧૦. | ફ-૯૫૨-૨૦૨૩ | શામળદેવી | તા.૨૦/૧૧/૨૦૨૪ |
| ૧૧. | ફ-૯૫૩-૨૦૨૩ | મોકળ | તા.૨૦/૧૧/૨૦૨૪ |
| ૧૨. | ફ-૯૫૪-૨૦૨૩ | એરાલ | તા.૨૦/૧૧/૨૦૨૪ |
| ૧૩. | ફ-૯૫૫-૨૦૨૩ | શક્તિપુરા | તા.૨૦/૧૧/૨૦૨૪ |
| ૧૪. | ફ-૯૫૬-૨૦૨૩ | ઘોડા | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| ૧૫. | ફ-૯૫૭-૨૦૨૩ | ભાદરોલી | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| ૧૬. | ફ-૯૬૧-૨૦૨૩ | હિંમતપુરા | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| ૧૭. | ફ-૯૬૨-૨૦૨૩ | કણેટીયા | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| ૧૮. | ફ-૯૬૩-૨૦૨૩ | અલવા | તા.૨૦/૧૧/૨૦૨૪ |
| ૧૯. | ફ-૯૬૪-૨૦૨૩ | નેવરીયા | તા.૨૦/૧૧/૨૦૨૪ |
| ૨૦. | ફ-૯૬૫-૨૦૨૩ | બાકરોલ | તા.૧૯/૧૧/૨૦૨૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૧. | ફ-૯૬૬-૨૦૨૩ | ખંડેવાલ | તા.૧૮/૧૧/૨૦૨૪ |
| ૨૨. | ફ-૯૬૭-૨૦૨૩ | મેંદાપુરા | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| ૨૩. | ફ-૯૬૮-૨૦૨૩ | કાનોડ | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| ૨૪. | ફ-૯૬૯-૨૦૨૩ | ચલાલી | તા.૨૦/૧૧/૨૦૨૪ |
| ૨૫. | ફ-૯૭૦-૨૦૨૩ | પલાસા | તા.૧૯/૦૨/૨૦૨૪ |
| ૨૬. | ફ-૯૭૧-૨૦૨૩ | અંબાલા | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| ૨૭. | ફ-૯૭૨-૨૦૨૩ | સણસોલી | તા.૨૦/૧૧/૨૦૨૪ |
| ૨૮. | ફ-૯૭૩-૨૦૨૩ | જંત્રાલ | તા.૨૦/૧૧/૨૦૨૪ |
| ૨૯. | ફ-૯૭૪-૨૦૨૩ | દેરોલ | તા.૨૦/૦૩/૨૦૨૪ |
| ૩૦. | ફ-૯૭૫-૨૦૨૩ | સગનપુરા | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| ૩૧. | ફ-૯૭૬-૨૦૨૩ | દેવપુરા | તા.૧૯/૧૧/૨૦૨૪ |
| ૩૨. | ફ-૯૭૭-૨૦૨૩ | ખંડોલી | તા.૨૦/૧૧/૨૦૨૪ |

પ્રથમ અપીલ સત્તાધિકારીશ્રી : તા.૨૦/૧૧/૨૦૨૪
તા.૧૭/૧૨/૨૦૨૪
તા.૨૬/૧૨/૨૦૨૪

**સુનાવણી:-**

**ફરિયાદીશ્રી** : વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત નથી.

**સામાવાળાઓ** : (૧) શ્રી એસ.કે.ડામોર, જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, શંબીક ગ્રામ પંચાયતની કચેરી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૨) શ્રીમતી આર.એસ.બારીઆ, જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, વ્યાસડા ગ્રામ પંચાયતની કચેરી, મુ.વ્યાસડા તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૩) શ્રી પટેલ દેવેન કે., જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, બેઢીયા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૪) શ્રી બારીઆ દિપકકુમાર ગણપતસિંહ, જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, રતનપુરા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી

ઉપસ્થિત છે.

(૫) શ્રી કૌશિકુમાર લાલાભાઇ બારીઆ, જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, ડેરોલ ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૬) શ્રી પરમાર મહેન્દ્રસિંહ બી., જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, વાછાવાડ ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૭) શ્રી રાઠોડ ધર્મેન્દ્રકુમાર મુળાભાઇ, જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, ખરસાલીયા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૮) શ્રી ડામોર ધીવન્તકુમાર જિતેન્દ્રભાઇ, જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, વરવાડા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૯) શ્રી પરમાર કિંજલકુમાર કરણસિંહ, જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, મલાવ ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૧૦) સુશ્રી [illegible] બી. જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, શામળદેવી ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૧૧) શ્રી આર.ડી.પટેલ, જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, મોકળ ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૧૨) શ્રી પરમાર જયેશકુમાર પરમાભાઇ જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, એરાલ ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૧૩) શ્રી ઠાકોર વિશ્વનાથસિંહ શૈલેષકુમાર જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, શકિતપુરા, ગ્રામ

પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૧૪) શ્રી ધનરાજ આર.રોત જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, ઘોડા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૧૫) શ્રી રાઠોડ સુરસીંગભાઇ મસુરભાઇ જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, ભાદરોલી ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૧૬) શ્રી ધનરાજ આર. રોત, જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, હિંમતપુરા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૧૭) જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, કણેટીયા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ ઉપસ્થિત નથી.

(૧૮) શ્રી જિતેન્દ્રકુમાર મોહનસિંહ ધાનકા જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, અલવા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૧૯) શ્રી એ.એ.બારીઆ જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, નેવરીયા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૨૦) શ્રી કિરણકુમાર ટી.પરમાર જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, બાકરોલ ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૨૧) સુશ્રી પટેલ રીનાબેન જે. જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, ખંડેવાળ ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૨૨) શ્રી ઠાકોર શિશુનાથસિંહ શૈલેષકુમાર જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, મેંદાપુર ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૨૩) સુશ્રી વણકર લીલાબેન એન. જાહેર માહિતી અધિકારીશ્રી

અને તલાટી-કમ-મંત્રીશ્રી, કાનોડ ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૨૪) શ્રી ઠાકોર શિશુનાથસિંહ શૈલેષકુમાર જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, ચલાલી ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૨૫) શ્રી એ.એ.બારીઆ જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, પલાસા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૨૬) શ્રી એમ.જી.ચૌહાણ જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, અંબાલા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૨૭) શ્રી એ.કે.ગૌસ્વામી જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, સાણસોલી ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૨૮) શ્રી ડામોર સુનિલકુમાર રામાભાઇ જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, જંત્રાલ ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૨૯) શ્રી પારગી [illegible]કુમાર લાલાભાઇ જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, [illegible] ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૩૦) શ્રી એમ.એ.ચૌહાણ જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, સગનપુરા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૩૧) શ્રી મુકેશ એસ.બારીઆ જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, દેવપુરા ગ્રામ પંચાયતની કચેરી, તા. કાલોલ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે.

(૩૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, ખંડોળી ગ્રામ પંચાયતની કચેરી, મુ.વ્યાસડા, તા.કાલોલ ઉપસ્થિત નથી.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

(૨) શ્રી એસ.જે.ચૌહાણ અપીલ સત્તાધિકારીશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયતની કચેરી, કાલોલ, જિ.પંચમહાલની વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત છે. (બદલી થયેલ છે) શ્રી જે.કે.ઠાકોર, અપીલ સત્તાધિકારીશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રી તા.૧૬/૧૨/૨૦૨૪ થી હાજર થયા.

૧. **ફરિયાદીશ્રીની નમૂના-કની અરજીની વિગતોઃ-**

ફરિયાદીશ્રીએ તા.૨૭/૦૨/૨૦૨૩ની નમૂના-કની અરજીથી જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રી, રાબોડ, વ્યાસડા, બેઢીયા, રતનપુરા, ડેરોલ, વાછાવાડ, ખરસાલીયા, વરવાડા, મલાવ, શામળદેવી, મોકળ, એરાલ, શકિતપુરા, ઘોડા, ભાદરોલી, હિંમતપુરા, કણેટીયા, અલવા, નેવરીયા, બાકરોલ, ખંડેવાળ, મેંદાપુર, કાનોડ, ચલાલી, પલાસા, અંબાલા, સણસોલી, જંત્રાલ, ડેરોલ, સગનપુરા, દેવપુરા, ખંડોળી પાસે ગ્રામ પંચાયતમાં ૨૦૧૭ થી આજદિન સુધી ૧૪મા નાણાપંચની કેટલી ગ્રાન્ટ આવેલી છે અને કેટલા અને કયા કયા રોડ બનાવવામાં આવેલ છે તે રોડની લંબાઇ પહોળાઇ અને ઉંચાઇના માપ તથા તેના એસ્ટીમેન્ટ તથા વર્ક ઓર્ડરની કોપી ની માહિતી,કોન્ટ્રાકટરનું નામ, સરનામુ, લાઇસન્સ નંબર, બોરની માહિતી, વર્ક ઓર્ડર સુપરવિઝન કરનાર અધિકારીનું નામ અને હોદો, શૌચાલયની માહિતી, મનરેગા યોજનાની માહિતી, બેન્ક પાસબુકની માહિતી, ટેન્ડરની માહિતી, ગામમાં વિવિધ કામો કરવા માટે ગ્રામ સભામાં થયેલ ઠરાવોની માહિતી, ગ્રામસભાઓની માહિતી, હાજરીપત્રક, તાલુકા પંચાયતમાં કયા કયા અધિકારીએ હાજરી આપેલી એ અધિકારીના નામ હોદાની માહિતી ગ્રામ સભામાં કરવામાં આવેલા ઠરાવો સહિત કુલ-૯ મુદ્દાની માહિતી માંગેલ છે.

૨. **સામાવાળા પક્ષે થયેલ કાર્યવાહીઃ-**

(I) **જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીઃ-**

જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીઓ, રાબોડ, વ્યાસડા, બેઢીયા, રતનપુરા, ડેરોલ, વાછાવાડ, ખરસાલીયા, વરવાડા, મલાવ, શામળદેવી, મોકળ, એરાલ, શકિતપુરા, ઘોડા, ભાદરોલી, હિંમતપુરા, કણેટીયા, અલવા, નેવરીયા,

બાકરોલ, ખંડેવાળ, મેંદાપુર, કાનોડ, ચલાલી, પલાસા, અંબાલા, સણસોલી, જંત્રાલ, ડેરોલ, સગનપુરા, દેવપુરા, ખંડોળી ધ્વારા ફરિયાદીશ્રીને કોઇ પ્રત્યુત્તર પાઠવેલ નથી.

(ii) <u>પ્રથમ અપીલ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીઃ-</u>

ફરિયાદીશ્રી દ્વારા તા.૨૭/૦૩/૨૦૨૩ ના રોજ તેઓની જુદી જુદી ૬૧ નમૂના-કની અરજી સંદર્ભે પ્રથમ અપીલ અધિકારીશ્રી અને તાલુકા વિકાસ અધિકારી, કાલોલ સમક્ષ પ્રથમ અપીલો દાખલ કરવામાં આવેલ છે.

પ્રથમ અપીલ અધિકારીશ્રી દ્વારા ફરિયાદીશ્રીની પ્રથમ અપીલો સંદર્ભે તા. ૦૫/૦૮/૨૦૨૩ ના રોજ પ્રથમ અપીલોની સુનાવણી રાખવામાં આવેલ હતી, જેમાં ફરિયાદીશ્રી હાજર રહેલ હતા; જેમાં કેટલાક જાહેર માહિતી અધિકારીશ્રી ગેરહાજર રહેલ હતા. ઉપસ્થિત રહેલ પક્ષકારોની હાજરીમાં સુનાવણી હાથ ધરી પ્રથમ અપીલ અધિકારીશ્રીએ તા.૧૬/૦૮/૨૦૨૩ના હુકમથી દિન-૩૦માં ફરિયાદીશ્રીને રેકર્ડ નિરીક્ષણ કરાવી નકલ ફી વસુલી ૨૦૦ પાનાની મર્યાદામાં માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રીને આદેશ કરી પ્રથમ અપીલનો નિકાલ કરવાનો નિર્ણય કરેલ હતો.

<u>ફરિયાદીશ્રીએ આયોગ સમક્ષ દાખલ કરેલ ફરિયાદની વિગત તથા ફરિયાદીશ્રીએ કરેલ લેખિત રજૂઆતની વિગતઃ-</u>

ફરિયાદીશ્રીએ આયોગ સમક્ષ તા.૨૩/૧૧/૨૦૨૩ની મળેલ ફરિયાદ અરજીમાં વિનામૂલ્યે માહિતી મેળવવા તેમજ જાહેર માહિતી અધિકારીશ્રીઓ સામે દંડનીય કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે.

ફરિયાદીશ્રીએ તા.૨૨/૦૩/૨૦૨૪ની લેખિત રજૂઆતમાં તેઓને તમામ જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રીઓ તરફથી માહિતી મળી ગયેલ છે અને માહિતી મળી ગયેલ હોવાથી તેઓને સંતોષ છે તે બાબતની ફરિયાદીશ્રીએ પહોંચ લખી આપેલ છે.

૪. <u>આયોગ સમક્ષની સુનાવણી, ફરિયાદ અરજી અન્વયે રજૂઆતો અને આયોગનું નિરીક્ષણઃ-</u>

આયોગ સમક્ષ આ કેસની પ્રથમ સુનાવણી તા.૨૧/૧૧/૨૦૨૪ના રોજ હાથ ધરવામાં આવેલ હતી, જેમાં ૩૧ જાહેર માહિતી અધિકારીશ્રીઓ તથા પ્રથમ અપીલ અધિકારીશ્રી હાજર રહેલ હતા.

આયોગ સમક્ષની પ્રથમ સુનાવણીમાં ફરિયાદીશ્રીએ રજૂઆત કરતા જણાવેલ છે કે, તેઓએ અલગ અલગ ગ્રામ પંચાયત કચેરીઓમાં અલગ અલગ અરજીઓ કરી સમાન પ્રકારના મુદ્દે માહિતી માંગેલ છે, જે તેઓને મળી ગયેલ છે અને મળેલ માહિતીથી ફરિયાદીશ્રીને સંતોષ છે તેમજ તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ સામે આયોગ સમક્ષ કરેલ ફરિયાદની સુનાવણી એક સાથે ચલાવવા સારૂ પણ તેઓએ આયોગને વિનંતી કરેલ, જે ગ્રાહ્ય રાખવામાં આવી. ફરિયાદીશ્રીએ કરેલ ફરિયાદની સંખ્યા અને જાહેર માહિતી અધિકારીશ્રીઓની સંખ્યા ધ્યાને લેતા તમામ ફરિયાદોની સુનાવણી બે ભાગમાં હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું.

સુનાવણીમાં ઉપસ્થિત રહેલ ફરિયાદીશ્રી અને તમામ કુલ-૩૧ જાહેર માહિતી અધિકારીશ્રીઓ અને તલાટી કમ મંત્રીશ્રીઓએ ફરિયાદીશ્રીને માહિતી આપેલ છે તેવુ જણાવેલ છે; પરંતુ તેઓ પૈકી એક પણ તલાટી કમ મંત્રીશ્રી ફરિયાદીશ્રીને તેઓ દ્વારા આપેલ માહિતીનું રેકર્ડ સાથે લાવેલ ન હતા.

ફરિયાદીશ્રીને તેઓની સમુમોટકની અરજી સંદર્ભે માહિતી પૂરી પાડવામાં આવેલ છે તે અંગે ફરિયાદીશ્રીને પૃચ્છા કરતા તેઓએ પણ જણાવેલ છે કે તેઓને મળેલ માહિતી આયોગની સુનાવણી દરમ્યાન સાથે લાવેલ નથી.

૪.૧ પ્રથમ સુનાવણીમાં ફરીયાદીશ્રી દ્વારા માહીતી મળી ગઈ છે તેવુ જણાવવામાં આવેલ, પરંતુ શુ માહીતી મળી છે તેની આયોગ દ્વારા મુદ્દાવાર સ્પષ્ટતા કરવાનુ જણાવતાં તેઓને શુ માહીતી મળી તે બાબતે જણાવી શક્યા નથી અને ફાઈલો મારી ઓફીસે પડેલ છે તે જોઈને જણાવી શકુ તેવી દલીલ કરેલ હતી. અને મારી ઓફીસ અહીથી પંદર કીલો મીટર દુર છે તેમ જણાવી આયોગને જવાબ આપવાનુ ટાળી રહ્યા હોઈ તેમ જણાઈ આવેલ. દરમ્યાનમાં ફરીયાદીશ્રી ને ફરીયાદ વાઈઝ એક એક કરી સમીક્ષા કરતા ૧૭ કેસની ચર્ચા થયા બાદ ફરીયાદીશ્રીએ જણાવેલ કે તેઓને આ બાબતે કાંઈ કહેવુ નથી તેમ જણાવી કોઈ જવાબ આપેલ ન હતો અને બપોર બાદની સુનાવણીમાં તેઓની તબીયત ખરાબ હોવાનુ જણાવી સુનાવણીની કાર્યવાહી પૂર્ણ

કરવા જણાવેલ. આથી, આયોગે ફરીયાદીશ્રીની નાદુરસ્ત તબિયત ધ્યાને લઈ વીડિયો કોન્ફરન્સના સંકલન કર્તાને ફરીયાદીશ્રીને સારવાર માટે સરકારી દવાખાને લઈ જઈ સારવાર કરવા સુચન કરેલ ત્યારે પણ ફરીયાદીશ્રીએ તેઓની ગેરહાજરીમાં સુનાવણી કાર્યવાહી ચાલુ રાખવાનો આગ્રહ રાખેલ હતો.

૪.૨ દરમ્યાનમાં આ બાબતે તમામ જાહેર માહીતી અધિકારીશ્રીઓ (જા.મા.અધિ.) ને ફરીયાદના ક્રમાનુસાર ફરીયાદીશ્રીને શું માહીતી આપી છે તે બાબતે આયોગ દ્વારા પૃચ્છા કરવામાં આવતા એક પણ જાહેર માહીતી અધિકારીશ્રી કોઈ પ્રતિતિકારક જવાબ આપી શકેલ ન હતા.

૪.૩ ઉપર મુજબની પરિસ્થિતિમાં આયોગને આ બાબતે વિશેષ છણાવટની જરૂરિયાત લાગતાં બીજી મુદતની સુનાવણી રાખવાનુ યોગ્ય લાગતાં બીજી સુનાવણી માટેની આગામી મુદત તા.૩૦/૧૧/૨૦૨૪ના રોજ નિયત કરવામાં આવી. આગામી સુનાવણીમાં તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ અને તલાટી કમ મંત્રીશ્રીઓએ ફરિયાદીશ્રીને આપેલ માહિતી સંદર્ભેનું તમામ રેકર્ડ સાથે લાવવા સુચના આપવામાં આવી. આગામી સુનાવણીની મુદત અંગે અલગથી જાણ કરવામાં આવશે તેમ જણાવી અને આગામી સુનાવણીમાં તમામ પક્ષકારોને હાજર રહેવાની સુચના સાથે સુનાવણી પૂર્ણ કરવામાં આવી.

૪.૪ નિયત થયેલ તારીખે બીજી સુનાવણી હાથ ધરવામાં આવી જેમા ફરીયાદીશ્રી ગેરહાજર રહેલ હતા; પરંતુ તમામ જા.મા.અધિ.શ્રીઓ તથા પ્રથમ અપીલ અધિકારીશ્રીના પ્રતિનિધિ હાજર રહેલ હતા. સુનાવણીમાં પ્રથમ અપીલ અધિકારીશ્રીની સ્વયં ઉપસ્થિતિ જરૂરી હોઈ અને ફરીયાદીશ્રીને પણ સાંભળવા જરૂરી હોઈ, તા.૧૨/૧૨/૨૦૨૪ના રોજ વધુ એક સુનાવણીની તક આપવાનું નક્કી કરવામાં આવ્યુ. આગામી ત્રીજી સુનાવણીમાં તમામ પક્ષકારોને હાજર રહેવાની સુચના સાથે સુનાવણી પૂર્ણ કરવામાં આવી.

૪.૫ આ કેસની ત્રીજી મુદતની સુનાવણી આયોગ દ્વારા તા.૧૨/૧૨/૨૦૨૪ના રોજ હાથ ધરવામાં આવેલ હતી, જેમાં તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ તથા પ્રથમ અપીલ અધિકારીશ્રી હાજર રહેલ હતા. આયોગ સમક્ષની સુનાવણીમાં ફરિયાદીશ્રીને ઉપસ્થિત રહેવા જણાવેલ; પરંતુ તેઓ હાજર રહેલ ન હતા. પંચમહાલ જિલ્લા કલેકટરશ્રીની કચેરીના વીડિયો કોન્ફરન્સનુ સંકલનકર્તા અધિકારીશ્રીએ

ફરિયાદીશ્રીનો સંપર્ક કરી ફોનથી આયોગની સુનાવણીમાં તેમની હાજરી બાબતે પૃચ્છા કરતાં ફરિયાદીશ્રીએ જણાવેલ કે તેઓની તબિયત નાદુરસ્ત હોવાથી તેઓ સુનાવણીમાં ઉપસ્થિત રહી શકે તેમ નથી. વધુમાં તેઓએ તેમની તમામ ફરિયાદ અરજીને અપીલ અરજીમાં તબદીલ કરી યોગ્ય નિર્ણય કરવા રજૂઆત કરેલ છે.

૪.૬ ફરિયાદીશ્રી સુનાવણીમાં ગેરહાજર હોઈ ફરીયાદીશ્રીને માહીતીની માંગણી કરેલ હોઈ તેમની ફરિયાદ અરજીને અપીલ અરજીમાં તબદીલ કરવાની અરજી મેળવવા અને ફરીયાદીશ્રીને આગામી સુનાવણીની જાણ કરવા તથા હાજર રહેવા સારૂ પ્રથમ અપીલ અધિકારી શ્રી/વીડીયો કોન્ફરન્સના સંકલનકર્તા ને જણાવવામાં આવ્યું.

૪.૭ જે અંગે ફરિયાદીશ્રીએ આયોગને તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ મોકલેલ લેખિત રજૂઆત મુજબ તેઓની ફરિયાદ નં.૯૪૩ થી ૯૫૭/૨૦૨૩ અને ફરિયાદ નં.૯૬૧ થી ૯૭૭/૨૦૨૩, કુલ-૩૨ ફરિયાદ કરી છે; પરંતુ તેઓને માહિતીની જરૂરિયાત હોઇ; ઉકત તમામ ફરિયાદોને બીજી અપીલમાં તબદીલ કરવા વિનંતી કરી છે અને હવેથી આવી કોઇ ભૂલ નહીં થાય તેની ખાતરી પણ આપેલ છે; પરંતુ ફરિયાદીશ્રી દ્વારા આટલા વિશાળ પ્રમાણમાં અને છ વર્ષની માહીતી માંગવાના કારણે જાહેરસત્તા મંડળની લોકોપીયોગી / પ્રજાલક્ષી / વિકાસના કામોની કામગીરીમાં વિક્ષેપ ઉભો થતો હોય છે. આથી, ફરીયાદીશ્રીના આવા પ્રકારના કૃત્યને ક્ષમ્ય ગણી શકય નહી. આયોગ દ્વારા ફરિયાદીશ્રીની તમામ ફરિયાદોને બીજી અપીલમાં તબદીલ કરવાની વિનંતી ગ્રાહ્ય રાખી ફરિયાદોને અપીલ અરજીમાં તબદીલ કરવામાં આવેલ છે.

૪.૮ ફરિયાદીશ્રીની તા.૧૮/૧૨/૨૦૨૪ની રજૂઆત સંદર્ભે તેમને પોતાનો પક્ષ રાખવા સારૂ તક આપવાનું ન્યાયના હિતમાં ફરિયાદીશ્રીને સાંભળવા માટે ચોથી અને આખરી સુનાવણી સારૂ આગામી મુદત તારીખ ૦૨-૦૧-૨૦૨૫ના રોજ રાખવાનું નક્કી કરવામાં આવ્યુ. આગામી સુનાવણીમાં તમામ પક્ષકારોને હાજર રહેવાના આદેશ સાથે સુનાવણી પૂર્ણ કરી.

૪.૯ આયોગ સમક્ષ આ કેસની ચોથી અને આખરી મુદતની સુનાવણી તા. ૦૨/૦૧/૨૦૨૫ના રોજ હાથ ધરવામાં આવી. સુનાવણીમાં ફરિયાદીશ્રી ઉપસ્થિત રહેલ ન હતા કે પછી તેમના તરફથી કોઇ લેખિત રજૂઆત પણ કરવામાં આવેલ નથી. સામાવાળા પક્ષકાર તરીકે ૩૨ જાહેર માહિતી અધિકારીશ્રીઓ એટલે કે તલાટી કમ મંત્રીશ્રીઓ હાજર રહેલ હતા તથા બદલી થઈને આવેલ નવા તાલુકા વિકાસ

અધિકારીશ્રી એટલે કે, પ્રથમ અપીલ અધિકારીશ્રી પણ હાજર રહેલ હતા.જા.મા.અધિ.શ્રીઓ અને પ્રથમ અપીલ અધિકારીશ્રીઓને તેમનો પક્ષ રાખવા તક આપી અને કેસનો નિર્ણય કરવા સારૂ કાર્યવાહી હાથ ધરવામાં આવી.

૪.૧૦ આમ, ફરિયાદીશ્રીએ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવાની રહે છે.

૪.૧૧ ફરિયાદીશ્રીએ જે તે સમયે વર્ષ-૨૦૧૭ થી અરજી કર્યા તારીખ ૨૭/૦૨/૨૦૨૩ સુધીની એટલે કે આશરે છ વર્ષના સમયગાળાની કાલોલ તાલુકાના ગામોની એક જ સમાન પ્રકારની માહિતી માંગતી જુદી જુદી ગ્રામ પંચાયતો સંદર્ભે ૬૧ જેટલી અરજીઓ કરેલ હતી. તત્કાલીન તાલુકા વિકાસ અધિકારીશ્રીએ તા.૦૫/૦૮/૨૦૨૩ના રોજ અપીલોની સંયુકત સુનાવણી રાખેલ હતી અને પ્રથમ અપીલ અધિકારીશ્રીએ તે અન્વયે હુકમ પણ કરેલ છે અને તે હુકમ બાદ ફરિયાદીશ્રીએ ૩૨ જાહેર માહિતી અધિકારીશ્રીઓ અને તલાટી કમ મંત્રીશ્રીઓ વિરૂધ્ધ આયોગમાં ફરિયાદ દાખલ કરેલ હતી. ફરિયાદીશ્રીએ ફરિયાદ દાખલ કર્યા બાદ તા.૨૦/૧૧/૨૦૨૪ના રોજ કેટલાક જાહેર માહિતી અધિકારીશ્રીઓ અને તલાટી કમ મંત્રીશ્રીઓએ આયોગને મોકલેલ અહેવાલમાં ફરિયાદીશ્રીએ માંગેલ માહિતી પુરી પાડેલ હોવાનુ જણાયેલ છે.

૪.૧૨ ફરીયાદીશ્રી દ્વારા જે રીતે માહીતી માંગવામાં આવી છે તે માહિતીનો અધિકાર અધિનિયમની કલમ-૭(૯) તથા કલમ-૬(૧) નિયમ-(૩) નમૂનો-ક ક્રમ નં.૩ની જોગવાઇઓ સાથે સુસંગત નથી આ રીતે માહિતી માંગવાથી, ઉકત જોગવાઇઓ અનુસાર, તેઓને કોઇ માહિતી મળવાપાત્ર થતી નથી. ફરિયાદીશ્રી દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઇ એક વ્યક્તિ દ્વારા વિશાળ માત્રામાં કરવામા આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો છે, તેવું જણાય છે. તદઉપરાંત, જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ, પ્રથમ અપીલ સત્તાધિકારીઓ અને આયોગનો સમય પણ બિનજરૂરી અને અપ્રમાણસર રીતે વપરાય છે તથા genuine અરજદારોને સમયસર ન્યાય મેળવવામાં વિલંબ થાય છે.

૪.૧૩ <u>ફરીયાદી પક્ષ બાબતે આયોગના તારણો :</u>

૪.૧૩(૧) અત્રે એ નોંધવુ જરૂરી છે કે, ફરિયાદીશ્રીએ જુદા જુદા નવ મુખ્ય મુદ્દા અને તેના પેટા મુદ્દાઓમાં આશરે છ વર્ષની અતિવિસ્તૃત અને ખૂબ બહોળા પ્રમાણમાં માહિતી માંગેલ છે. જે અંગે ફરિયાદીશ્રી કોઇ પણ પ્રકારે જાહેર હિત પ્રસ્થાપિત કરી શકેલ નથી તેમજ, માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વહીવટી તંત્રની નિયમિત કામગીરીમાં વિક્ષેપ ઉભો કરવાનો તેઓનો બદઇરાદો હોવાનું જણાઇ આવે છે.

**૪.૧૩(૨) પ્રથમ સુનાવણીના પ્રથમ ભાગમાં હાજર રહેલ તેમાં તેઓ શુ માહીતી મળી તે બાબતે સ્પષ્ટતા પુર્વક જણાવી શકેલ નથી. તેમજ તેમની સુનાવણીમાં આપેલ જવાબ અને માહીતી મળી ગયા અંગેની આપેલ પહોંચમાં વિસંગતતા જણાઈ આવેલ છે. જેની વિગતો નીચે મુજબના ટેબલમાં જણાવ્યા મુજબ છે.**

ટેબલ – I

| અ.નં. (૧) | ફરીયાદ નં. (૨) | ગ્રા.પં. નામ (૩) | સુનાવણીમાં જા.મા.અધિ.શ્રીની રજુઆત (૪) | સુનાવણીમાં ફરીયાદીશ્રીની રજુઆત (૫) | જા.મા.અધિ.શ્રીએ આયોગને મોકલેલ અહેવાલની વિગતો (૬) | વિવાદી શ્રીની પહોંચ (૭) | રીમાર્કસ (વિસંગતતા) (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૪૩-૨૩ | રાબોડ | તા.૨૫-૩-૨૪ વિનામુલ્યે માહીતી આપી ,વિવાદીએ પહોંચ આપેલ છે. | આપેલ માહીતી ઉપલબ્ધ નથી | તા.૨૫-૧૧-૨૪ ના રોજ આપેલ અહેવાલ મુજબ તા.૨૫-૩-૨૪ ના રોજ ૪૮ પાનાની માહીતી પુરી પાડેલ છે. | પહોચ આપેલ છે. | તા.૨૫ ૩-૨૪ ના રોજ પુછેદીની જાહેર રજા |
| [illegible]૪૪-૨૩ | | વ્યાસકા[illegible] | તા.[illegible]-૧૦-૨૩ના રોજ વિના મુલ્યે ૪૦ પાનાંની માહીતી આપી ,વિવાદીએ પહોંચ આપેલ છે. | રેકર્ડ નિરીક્ષણ માટે બીજી તારીખ ની માંગણી કરેલ છે. | તા.[illegible]-૨૩,૪૪ પેજ ની માહીતી વિના મુલ્યે આપેલ છે. | | પુરા પાનાની સંખ્યામાં વિસંગતતા |
| ૩ | ૬૪૫-૨૩ | બેડીયા | રેકર્ડ નિરિક્ષણથી સંતોષ,માહીતી માંગી નથી | રેકર્ડ નિરિક્ષણથી સંતોષ,માહીતી માંગી નથી | ૧-૧૦-૨૪-વિના મુલ્યે માહીતી પુરી પાડેલ છે. | ૧-૧૦-૨૪-પાવતી | સુનાવણીના જવાબ અને આયોગને મોકલેલ અહેવાલમા |
| ૪ | ૬૪૬-૨૩ | રતનપુરા | ૨૪ પાનાની માહીતી રૂબરૂ પુરી પાડી | રે.નિ.બાદ એક મુદ્દાની માહીતી ના ૧૦ પાના મળેલ છે. | ૧૦-૧૧-૨૪-રે.નિ.નો પત્ર-૧૭-૩-૨૪ પ્ર.અ.અધિ.હુકમ બાદ રે.નિ.બાદ-૨૧-૩-૨૪-૨૪ પેજ વિના મુલ્યે માહીતી | ૨૧-૩-૨૦૨૪ પાવતી | આપેલ માહીતી બાબતે |
| ૫ | ૬૪૭-૨૩ | ડેરોલ | ૩૦-૩-૨૪ રૂ. ૩૨૦૦ ફી ભરવા જાણ | ૧૦ પાના ની માહીતી વિના મુલ્યે મળેલ છે. | ૨૫-૧૧-૨૪-૨૦-૩-૨૪-૧૦ પેજ ની વિના મુલ્યે પુરી પાડી | ૨૧-૩-૨૦૨૪ પાવતી | ફી વસુલી ને બદલે વિનામુલ્યે |

| અ.નં. (૧) | ફરીયાદ નં. (૨) | ગ્રા.પં. નામ (૩) | નું સુનાવણીમા જા.મા.અધિ.શ્રીની રજુઆત (૪) | સુનાવણીમા ફરીયાદીશ્રીની રજુઆત (૫) | જા.મા.અધિ.શ્રીએ આયોગને મોકલેલ અહેવાલની વિગતો (૬) | વિવાદી શ્રીનો જવાબ (૭) | રીમાર્કસ (વિસગતતા) (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯૪૮-૨૩ | વાછાવાડ | ૩૧-૩-૨૪એ રે.નિ. કરેલ નથી. ૩૫ પાનાની માહિતી વિનામુલ્યે પુરી પાડી | | ૨૧-૧૧ ૨૦૨૪- ૨૧-૩-૨૪- ૩૫ પેજ ની વિના મુલ્યે પુરી પાડી | | |
| ૭ | ૯૪૯ ૨૩ | ખરસાલીયા | રે.નિ.થી સંતોષ ,માહીતી માગેલ નથી | | ૧૯-૧૧-૨૪ ૨૩-૧-૨૪-રૂબરૂ પુરી પાડેલ છે. | ૨૩-૧-૨૪- પહોચ આપેલ છે. | સુનાવણીના જવાબ અને આયોગને મોકલેલ અહેવાલમા વિસગતતા |
| ૮ | ૯૫૦ ૨૩ | વરવાડા | રે.નિ.કરી ૩૦ પાનાની માહીતી આપી. | | ૨૦-૧૧-૨૪- ૨૨-૩-૨૪-૩૦ પેજ ની માહીતી | ૨૨-૩-૨૪- પાવતી | |
| ૯ | ૯૫૧-૨૩ | મબાવ | તા.૨૫-૩-૨૪ના રોજ ૩૩ પાના ની માહીતી આપી | ૩૩ પાનાની માહીતી વિના મુલ્યે મળેલ છે. | ૧૯-૧૧-૨૪ના અહેવાલ મુજબ ૨૫-૩-૨૪-રે.નિ.બાદ -૩૩ પેજ ની માહીતી આપી | ૨૫-૩-૨૪ | તા.૨૫-૩-૨૪ના રોજ પુખેટીની જાહેર રજા |
| ૧૦ | ૯૫૨-૨૩ | શામળ દેવી | તા.૨૦-૭-૨૩ ના રોજ ૨૧ પાનાની માહીતી આપી. | તા.૨૦-૭-૨૩ ના રોજ ૨૧ પાનાની માહીતી આપી. | તા.૨૦-૧૧-૨૪-ના અહેવાલ મુજબ ૧૦-૨-૨૪ના રોજ ૨૨ પેજ ની માહીતી આપી. | ૧૦-૨-૨૪ | માહીતી પુરી પાડ્યા અંગેની તારીખમાં વિસંગતતા |
| ૧૧ | ૯૫૩ ૨૩ | મોકળ | માહીતી પુરી પાડી | રે.નિ.થી સંતોષ | તા.૨૦-૧૧-૨૪ ના અહેવાલ મુજબ [illegible] રોજ માહીતી પુરી પાડી. | ૬-૩-૨૪ | જા.મા.અધિ. અને વિવાદી જવાબમાં વિસંગતતા |
| [illegible] | ૯૫૪-૨૩ | બિલાબ | તા.૧૦-૨-૨૪ રે.નિ.થી સંતોષ | [illegible] રે.નિ.થી સંતોષ | તા.૨૦-૧૧-૨૪ ૧૦-૨-૨૪-રૂબરૂ માહીતી પુરી પાડી | ૧૦-૨-૨૪ | સુનાવણીના જવાબ અને આયોગને મોકલેલ અહેવાલમા વિસંગતતા |
| ૧૩ | ૯૫૫ ૨૩ | શક્તિપુરા | તા.૧૮ ૩ ૨૪ રે.નિ.થી સંતોષ | તા.૧૮ ૩-૨૪ રે.નિ.થી સંતોષ | તા.૨૦-૧૧ ૨૪ નો અહેવાલ-તા.૧૧-૨-૨૪ રે.નિ. કરાવી માહીતી પુરી પાડી | ૧૧-૨-૨૪ | સુનાવણીના જવાબ અને અહેવાલમાં વિસંગતતા |
| ૧૪ | ૯૫૬-૨૩ | પોકા | તા.૨૦-૩-૨૪ રે નિ.થી સંતોષ | | લિંક અપ-૨૦-૩ -૨૪-માહીતી પુરી પાડી | ૨૦-૩-૨૪ | સુનાવણીનાં જવાબ અને અહેવાલમાં વિસંગતતા |

| અ.નં. (૧) | ફરીયાદ ન. (૨) | ગ્રા.પં. નામ (૩) | નુ સુનાવણીમાં જા.મા.અધિ.શ્રીની રજુઆત (૪) | સુનાવણીમા ફરીયાદીશ્રીની રજુઆત (૫) | જા.મા.અધિ.શ્રીએ આયોગને મોકલેલ અહેવાલની વિગતો (૬) | વિવાદી શ્રીનો જવાબ (૭) | રીમાર્કસ (વિસંગતતા) (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | ૭૫૭-૨૩ | બાદરોલી બુજર્ગ | ૬-૪-૨૩-વિસ્તૃત માહીતી માંગેલ છે-જેથી માહીતી નકારી,પ્ર.અ. અધિ. હુકમ બાદ ૨૦-૮-૨૩-રે.નિ.માટે બીજી તક-હાજર રહેલ નથી | તા.૧૫-૩-૨૪ રે.નિ.થી સંતોષ | ૨૦-૧૧-૨૪-રે.નિ.નો પત્ર -૯-૪-૨૩ ૧૫-૩-૨૪- રે.નિ.બાદ ૩૦ પેજની માહીતી આપી | ૨૫-૩-૨૪ | સુનાવણીના જવાબ અને અહેવાલમા તથા તા.૧૫-૩-૨૪ના રોજ પુછેટીની જાહેર રજા વિસંગતતા |
| ૧૬ | ૭૬૧-૨૩ | હિંમતપુરા | રે.નિ.બાદ ૨૦ પાનાની માહીતી આપી. | રે.નિ.બાદ ૨૦ પાનાની માહીતી આપી. | ૨૧-૩-૨૪-માહીતી પુરી પાડી | ૨૧-૩-૨૪ | ... |
| ૧૭ | ૭૬૨-૨૩ | કરોઠીયા | તત્કાલીન તલાટી વિસ્તુત માહીતી માંગેલ છે-જેથી માહીતી નકારી, હાલના જા.મા.અધિ.શ્રી ફાઈલ રેકર્ડ પર ઉપલબ્ધ નથી | રે.નિ.થી સંતોષ થતા માહીતી માંગેલ નથી. | અહેવાલ નથી | પાવતી નથી | તત્કાલીન તલાટી સસ્પેંશન હેઠળ છે |
| ૧૮ | ૭૬૩-૨૩ | અંભવા | તા.૭-૩-૨૪ના રોજ રે.નિ.કરેલ- રે.નિ.થી સંતોષ થતા માહીતી માંગેલ નથી. | રે.નિ.થી સંતોષ થતા માહીતી માંગેલ નથી. | ૧૦-૧૧-૨૪ તા.૭-૩-૨૪ ના રોજ રે.નિ. કરાવી માહીતી પુરી પાડેલ છે. | ૭-૩-૨૪ | સુનાવણીના જવાબ અને અહેવાલ મા વિસંગતતા |
| | ૭૬૪-૨૩ | નેવરીયા | તા.૧૬-૨-૨૪ [illegible] માંગેલ નથી. | કશુ કહેવુ નથી. | ૨૦-૧૧-૨૪નો અહેવાલ [illegible] રે.નિ.પત્ર [illegible] રે.નિ.બાદ માહીતી આપી | ૧૬-૨-૨૪ | |
| | ૭૬૫-૨૩ | બાકરોલ | તા.૧૫-૩-૨૪-રે.નિ. કરી -રે.નિ.થી સંતોષ | વિવાદી સુનાવણી અધવચ્ચેથી છોડી ચાલ્યા ગયા | ૧૦-૧૧-૨૪ ૨૦-૩-૨૩-રે.નિ.પત્ર ૧૫-૩-૨૪-રે.નિ.બાદ માહીતી આપી | ૧૫-૩-૨૪ | તા.૧૫-૩-૨૪ના રોજ પુછેટીની જાહેર રજા વિસંગતતા |
| ૨૧ | ૭૬૬-૨૩ | ખડેવાલ | તત્કાલીન તલાટી એ-વિસ્તુત માહીતી માંગેલ હોઈ -માહીતી નકારી , તા. ૧૫-૧-૨૪-રે.નિ.કરાવ્યુ -રે.નિ.થી સંતોષ | -ઉપર મુજબ- | ૧૮-૧૧-૨૪ ૧૫-૧-૨૪ પચાયતે રૂબરૂ માહીતી પુરી પાડી. | ૧૫-૧-૨૪ | સુનાવણીના જવાબ અને અહેવાલ મા વિસંગતતા |
| ૨૨ | ૭૬૭-૨૩ | મીંદાપુર | તત્કાલીન જા.મા.અધિ.-તા. ૧૨-૪-૨૩-રે.નિ.માટે જાણ-રે.નિ.કરેલ નથી. હાલના જા.મા.અધિ. -તા.૧૦-૩-૨૪-રે.નિ.કરેલ -રે.નિ.થી સંતોષ | -ઉપર મુજબ- | ૧૦-૧૧-૨૪ ૭-૪-૨૩ રે.નિ.પત્ર ૧૫-૩-૨૪-રે.નિ.બાદ માહીતી આપી | ૧૫-૩-૨૪ | સુનાવણીના જવાબ અને અહેવાલમાં તથા તા.૧૫-૩-૨૪ના રોજ પુછેટીની જાહેર રજા વિસંગતતા |

| અ નં (૧) | ફરીયાદ નં (૨) | ગ્રા.પં નું નામ (૩) | સુનાવણીમાં જા.મા.અધિ.શ્રીની રજુઆત (૪) | સુનાવણીમાં ફરીયાદીશ્રીની રજુઆત (૫) | જા.મા.અધિ.શ્રીએ આયોગને મોકલેલ અહેવાલની વિગતો (૬) | વિવાદી શ્રીનો જવાબ (૭) | રીમાર્કસ (વિસંગતતા) (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | ૯૬૮-૨૩ | કાનોડ | તા.૧૯-૪-૨૩- રે.નિ.માટે જાણ- રે.નિ.કરેલ નથી. તા. ૨૦-૩-૨૪-રે.નિ.કરેલ - રે.નિ.થી સંતોષ | -ઉપર મુજબ- | વિસ્તૃત માહીતી -તાલુકા કક્ષાએથી માહીતી મેળવી ૧૫-૨-૨૪ એ રુબરૂ માહીતી પુરી પાડી | ૧૫-૨-૨૪ | સુનાવણીના જવાબ અને અહેવાલમાં વિસગતતા |
| ૨૪ | ૯૬૯ ૨૩ | ચબાલી | તા.૨૧-૯ ૨૩- રે.નિ.કરેલ રે.નિ.થી સંતોષ | -ઉપર મુજબ- | ૨૦-૧૧-૨૪-ગ્રા.પં.માટે ની માહીતી તા.પં.રુબરૂ માહીતી પુરી પાડી | ૧૪-૨-૨૪ | સુનાવણીના જવાબ અને અહેવાલમા વિસંગતતા |
| ૨૫ | ૯૭૦-૨૩ | પબાસા | તા.૧૫-૨-૨૪ -રે.નિ.કરેલ -રે.નિ.થી સંતોષ,માહીતી પુરી પાડી નથી | -ઉપર મુજબ- | ૨૦-૧૧-૨૪ ૬-૪-૨૩-રે.નિ.પત્ર ૧૫-૨-૨૪- રે.નિ.કરાવી માહીતી પુરી પાડી | ૧૫-૨-૨૪ | સુનાવણીના જવાબ અને અહેવાલમા વિસંગતતા |
| ૨૬ | ૯૭૧-૨૩ | અબાબા | તા.૭-૨-૨૪ -રે.નિ.કરેલ -રે.નિ.થી સંતોષ,માહીતી પુરી પાડી નથી | -ઉપર મુજબ- | ૧૯-૧૧-૨૪- ૬-૨-૨૪ રુબરૂ માહીતી પુરી પાડી | ૬-૨-૨૪ | સુનાવણીના જવાબ અને અહેવાલમા વિસંગતતા |
| ૨૭ | ૯૭૨ ૨૩ | સણસોલી | તા.૧૦-૨-૨૪ -રે.નિ.કરેલ -રે.નિ.થી સંતોષ,માહીતી પુરી પાડી નથી | -ઉપર મુજબ- | ૨૦-૧૧-૨૪- ૧૦-૨-૨૪-રુબરૂ માહીતી પુરી પાડી | ૧૦-૨-૨૪ | સુનાવણીના જવાબ અહેવાલમા વિસંગતતા |
| [illegible] | ૯૭૩ ૨૩ | જત્રાલ | તા.૨૫-૩-૨૪ -રે.નિ.કરેલ -રે.નિ.થી સંતોષ,માહીતી પુરી પાડી નથી | -ઉપર મુજબ- | અહેવાલ-૨૦-૧૧-૨૪ ૧૯-૩-૨૩-રે.નિ.માટે જાણ ૨૫-૩-૨૪-રે.નિ.કરાવી માહીતી પુરી પાડી | ૨૫-૩-૨૪ | સુનાવણીના જવાબ અહેવાલમાં તથા તા.૨૫-૩-૨૪ના રોજ પુરોહીની જાહેર રજા વિસંગતતા |
| ૨૯ | ૯૭૪ ૨૩ | ડેરોલ સ્ટેશન | તા.૨૦-૩-૨૪ -રે.નિ.કરેલ -રે.નિ.થી સંતોષ,માહીતી પુરી પાડી નથી | -ઉપર મુજબ- | અહેવાલ નથી | ૨૦-૩-૨૪ પહોંચ આપેલ છે. | સુનાવણીના જવાબ અને અહેવાલમા વિસંગતતા |
| ૩૦ | ૯૭૫ ૨૩ | સગનપુરા | તા.૫-૪-૨૪- રે.નિ.કરેલ -રે.નિ.થી સંતોષ,માહીતી પુરી પાડી નથી | ઉપર મુજબ- | અહેવાલ-૧૯-૧૧-૨૪ ૫-૪-૨૪- રે.નિ.કરાવી રુબરૂ માહીતી પુરી પાડી | ૫-૪-૨૪ | સુનાવણીના જવાબ અહેવાલમા વિસંગતતા |
| ૩૧ | ૯૭૬-૨૩ | દેવપુરા | તા.૨૭-૩-૨૪- રે.નિ.કરેલ -રે.નિ.થી સંતોષ,માહીતી પુરી પાડી નથી | -ઉપર મુજબ- | અહેવાલ ૧૯-૧૧-૨૪ ૨૭-૩-૨૪-રે.નિ.કરાવી માહીતી પુરી પાડી | ૨૭-૩-૨૪ | સુનાવણીના જવાબ અને અહેવાલમાં વિસંગતતા |
| ૩૨ | ૯૭૭-૨૩ | ખડોળી | જા.મા.અધિ. પ્રથમ સુનાવણી માં ગેરહાજર | -ઉપર મુજબ- | અહેવાલ નથી | ૨૨-૩-૨૪ | - |

૪.૧૩(૩) ફરીયાદીશ્રીના જણાવ્યા મુજબ તેમને એક જ દિવસમાં પાંચ ગ્રામ પંચાયતે જઈ રેકર્ડ નિરીક્ષણ કરેલ તે બાબત ફરિયાદીશ્રીનું ગામ અને રેકર્ડ નિરીક્ષણ કરેલ ગામો વચ્ચેનુ અંતર જોતાં તાર્કિક રીતે યોગ્ય જણાતું નથી. જેની વિગતો નીચે મુજબના ટેબલમાં જણાવ્યા મુજબ છે.

ટેબલ - II

| ક્રમ નં. | અપીલ નંબર | ગામનું નામ | જા.મા.અ.એ આપેલ જવાબ તારીખ | વેજલપુર થી જે તે ગામનું અંતર (કિ.મિ.) |
|---|---|---|---|---|
| ૧ | ક.૦૬૪૩-૨૦૨૩ | શબોડ | તા.૨૫/૦૩/૨૦૨૪ | ૦૮.૨૬ |
| ૨ | ક.૦૬૫૧-૨૦૨૩ | મલાવ | તા.૨૫/૦૩/૨૦૨૪ | ૧૦.૭૩ |
| ૩ | ક.૦૬૫૭-૨૦૨૩ | ભાદરોલી | તા.૨૫/૦૩/૨૦૨૪ | ૧૯.૫૯ |
| ૪ | ક.૦૬૬૫-૨૦૨૩ | બાકરોલ | તા.૨૫/૦૩/૨૦૨૪ | ૨૦.૩૯ |
| ૫ | ક.૦૬૭૩-૨૦૨૩ | જંત્રાલ | તા.૨૫/૦૩/૨૦૨૪ | ૨૧.૪૭ |

૪.૧૩(૪) ફરીયાદીશ્રીના જણાવ્યા મુજબ તેઓએ તા.૧૦-૨-૨૦૨૪(બીજો શનીવાર), તા. ૧૧-૨-૨૦૨૪(રવીવાર) તથા ૨૫-૩-૨૦૨૪(ધુળેટી)ની જાહેર રજાના દિવસે કેટલીક ગ્રામ પંચાયતે જઈ રેકર્ડ નિરિક્ષણ કરેલ તે બાબત પણ તાર્કિક રીતે યોગ્ય જણાતી નથી. જેની વિગતો નીચે મુજબના ટેબલમાં જણાવ્યા મુજબ છે.

ટેબલ – III

| ક્રમ નં. | અપીલ નંબર | ગામનું નામ | જા.મા.અ.એ આપેલ જવાબ તારીખ | વેજલપુર થી જે તે ગામનું અંતર (કિ.મિ.) |
|---|---|---|---|---|
| ૧. | ક.૦૬૫૪-૨૦૨૩ | એરાલ | તા.૧૦/૦૨/૨૦૨૪ | ૨૧.૮૮ |
| ૨. | ક.૦૬૭૨-૨૦૨૩ | સણસોલી | તા.૧૦/૦૨/૨૦૨૪ | ૧૬.૬૭ |
| ૩. | ક.૦૬૫૫-૨૦૨૩ | શક્તિપુરા | તા.૧૧/૦૨/૨૦૨૪ | ૧૭.૦૦ |
| ૪. | ક.૦૬૪૩-૨૦૨૩ | શબોડ | તા.૨૫/૦૩/૨૦૨૪ | ૦૮.૨૬ |
| ૫. | ક.૦૬૫૧-૨૦૨૩ | મલાવ | તા.૨૫/૦૩/૨૦૨૪ | ૧૦.૭૩ |
| ૬. | ક.૦૬૫૭-૨૦૨૩ | ભાદરોલી | તા.૨૫/૦૩/૨૦૨૪ | ૧૯.૫૯ |
| ૭. | ક.૦૬૬૫-૨૦૨૩ | બાકરોલ | તા.૨૫/૦૩/૨૦૨૪ | ૨૦.૩૯ |
| ૮. | ક.૦૬૭૩-૨૦૨૩ | જંત્રાલ | તા.૨૫/૦૩/૨૦૨૪ | ૨૧.૪૭ |

૪.૧૩(૫) ફરીયાદીશ્રીને તેઓનો પક્ષ રાખવા માટે પૂરતી અને વાજબી તક આપવા છતાં પ્રથમ મુદતની સુનાવણીને બાદ કરતાં બાકીની ત્રણ મુદતની સુનાવણીમાં ફરિયાદીશ્રી હાજર રહેલ નથી કે તેમની ફરીયાદ સંબંધિત કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી. આમ, ફરીયાદીશ્રી દ્વારા ૩૨ ગ્રામ પંચાયતો પાસેથી એક સરખા પ્રકારની માંગેલ માહિતી બાબતે આયોગ દ્વારા ઉલટ તપાસ/પ્રતિ પ્રશ્ન કરતા તેનો જવાબ આપવાને બદલે સુનાવણીમાં

હાજર ન રહેવાની તેમની વૃતિ તેમના માહીતી મેળવવાના પ્રમાણિક હેતુ બાબત શંકા પ્રેરે તેવો છે.

૪.૧૩(૬) ફરીયાદીશ્રી દ્વારા ૯ મુદ્દાની સરખા પ્રકારની અને ૬ વર્ષના સમયગાળાની ૩૨ ગ્રામ પંચાયતો પાસેથી માહિતી માંગી જાહેર સત્તા તંત્રોની કામગીરીના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપીયોગ થાય છે અને જાહેર સત્તામંડળના રોજ બરોજના કામોમાં વિક્ષેપ ઉભો કરવાનો પ્રયત્ન કરી જાહેર માહીતી અધિકારીશ્રીઓને દબાણમાં લાવવાનો પ્રયત્ન કરેલ હોય તેમ જણાય છે.

## ૫. જાહેર માહીતી અધિકારીશ્રીઓ (જા.મા.અધિ.શ્રીઓ)ની તથા પ્રથમ અપીલ અધિકારીશ્રીની કામગીરી બાબતે આયોગની સુનાવણી દરમ્યાન રજુ કરેલ વિગતો

૫.૧ અત્રે એ નોંધનીય છે કે, ફરીયાદીશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી અતિ વિસ્તૃત સમયમગાળાની અને વિશાળ પ્રમાણમાં હોવાથી તથા અધિનિયમની કલમ-૬(૧) અને નમૂના-કના કમાંક-૩ ની જોગવાઇઓ અનુસાર જોઇતી માહિતીની ચોક્કસ વિગતો ઉપલબ્ધ ન હોવાથી અને માગેલ માહિતીથી જાહેર સત્તાતંત્રોના સ્ત્રોતોની અપ્રમાણસર ઉપયોગ થતો હોવાથી તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓએ માહિતી આપવાનો ઇન્કાર કરવાના બદલે વિવાદીશ્રીને રેકર્ડ નિરીક્ષણ માટે બોલાવી માહિતી પુરી પાડેલ હોવાનું જણાવેલ છે.

૫.૨ પ્રથમ અપીલ અધિકારીશ્રીના તેમના તા.૧૬/૦૮/૨૦૨૩ના હુકમમા જાહેર માહિતી અધિકારીથીઓને નમૂના-ક મુજબની અરજીની નકલ મળ્યેથી દિન-૩૦માં રૂબરૂ રેકર્ડ નિરીક્ષણ આપી ૨૦૦ પાનાની મર્યાદામાં વિવાદીશ્રીને નિયમોનુસાર નકલ ફી વસૂલી સ્પષ્ટ અને ચોક્કસ માહિતી પૂરી પાડવા માટે સંબધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓને હુકમ કરેલ છે. પરંતુ પ્રથમ અપીલ અધિકારીશ્રીના હુકમ બાદ કેટલાક જાહેર માહિતી અધિકારીશ્રીઓએ રેકર્ડ નિરીક્ષણ કરાવી વિનામૂલ્યે માહિતી પુરી પાડેલ છે તેમ જણાવેલ છે, જ્યારે કેટલાક જા.મા. અધિ.શ્રીઓએ રેકર્ડ નિરીક્ષણ કર્યા બાદ ફરિયાદીને સંતોષ થતા તેમણે માહિતી લીધેલ નથી તેવું જણાવેલ છે, જયારે જા.મા.અધિ.શ્રીઓએ તેમના અહેવાલમાં રેકર્ડ નિરીક્ષણ કરાવી માહિતી પુરી પાડેલ હોવાનું જણાવેલ છે તેમજ જા.મા.અધિ.શ્રીઓ સુનાવણીમા શુ માહીતી આપી તે બાબતે કોઈ જવાબ આપી શકેલ નથી કે રેકર્ડ રજુ કરી શકેલ નથી.

૫.૩ સુનાવણી દરમ્યાનની જા.મા.અધિ.શ્રીઓની રજુઆત અને આયોગને મોકલેલ અહેવાલમાં રેકર્ડ નિરીક્ષણ કરાવી માહિતી પુરી પાડી તે અંગે અને ફરીયાદીશ્રીને રેકર્ડ નિરીક્ષણથી સંતોષ થતાં, માહિતી મેળવેલ નથી જે બાબતો વિરોધાભાસ દર્શાવે છે.

૫.૪ વધુમાં, પ્રથમ અપિલ અધિકારીશ્રીએ આયોગને મોકલેલ તા. ૨૬-૧૨-૨૦૬૪ના અહેવાલમાં જણાવ્યાં મુજબ ફરિયાદીશ્રી દ્વારા જુદી જુદી ગ્રામ પંચાયતોના જાહેર માહિતી અધિકારીશ્રીઓને કરેલ નમુના -ક ની અરજીથી માંગવામાં આવેલ તમામ માહિતી સદરહુ તમામ ૩૨ જાહેર માહીતી અધિકારીશ્રીઓ તરફથી તેઓને મળી ગયેલ છે અને તેનાથી સંતોષ છે તેમ જણાવી ફરીયાદીશ્રીએ તેઓની સહી પણ કરેલ છે. આ બાબત પણ ફરિયાદીના અને જા. મા.અધિ.શ્રીઓના સુનાવણી દરમ્યાન આપેલ જવાબ તથા આયોગને રજુ કરેલ અહેવાલ સાથે સુસંગત નથી.

૫.૫ જા.મા.અધિ.શ્રીઓએ સુનાવણી દરમ્યાન આપેલ જવાબ તથા આયોગને મોકલેલ અહેવાલની વિગતોમાં તા.-૧૦-૦૨-૨૦૨૪ અને તા.૧૧-૦૨-૨૦૨૪ના રોજ બીજો શનિવાર તથા રવિવાર તથા તા.૨૫-૦૩-૨૦૨૪ના રોજની જાહેર રજાના દિવસોએ રેકર્ડ નિરીક્ષણ કરાવી માહિતી પુરી પાડેલ હોવાનું જણાવેલ છે, જે સંદિગ્ધ તત્વ ઉભું કરે છે.

૫.૬ પ્રથમ અપિલ અધિકારીશ્રીએ આયોગને મોકલેલ તા. ૨૦-૧૧-૨૦૨૩ના અહેવાલમાં સામેલ રાખેલ બિડાણ મુજબ કોલમ નં.૧૨ માં જણાવ્યા મુજબ પ્રથમ અપીલ અધિકારીશ્રીના હુકમ બાદ જા.મા.અધિશ્રી ક-૦૯૪૭-૨૦૨૩, ક-૦૯૫૩-૨૩, ક-૦૯૫૫-૨૩, ક-૦૯૫૬-૨૩, ક-૦૯૬૧-૨૩, ક-૦૯૬૯-૨૩ અને ક-૦૯૭૫-૨૩ ને બાદ કરતાં કોઈ જા.મા.અધિ.તરફથી કોઈ વિગતો અત્રે રજુ થયેલ નથી તેમ જણાવેલ છે, તે બાબત પણ જાહેર માહિતી અધિકારીઓની ફરજ પ્રત્યેની તથા અધિનિયમના પાલન કરવાની બાબતમા નિષ્કાળજી સુચવે છે.

૫.૭ આયોગ દ્વારા ભારત સરકાર હસ્તકની સંસ્થા ભાસ્કરાચાર્ય નેશનલ ઇન્સ્ટીટયુટ ફોર સ્પેસ એપ્લીકેશન્સ એન્ડ જીઓ ઇન્ફોરમેટીક્સ (B.I.S.A.G-N) સંસ્થા પાસેથી મેળવેલ ગુગલ મેપ ધ્યાને લેતા ફરિયાદીશ્રીનું સરનામુ અને જાહેર માહિતી અધિકારીશ્રીઓએ ફરિયાદીશ્રીને પાઠવેલ માહિતીમાં કચેરી વચ્ચેનું અંતર પણ ધ્યાને લેવા પાત્ર છે.

૫.૮ જે ધ્યાને લેતાં ફરીયાદી તથા જાહેર માહીતી અધિકારીશ્રીઓના જવાબ / અહેવાલ મુજબ એક દિવસમાં પાંચ ગામોનું રેકર્ડ નિરીક્ષણ કરાવી /કરી માહિતી પુરી પાડેલ છે તે વિગત, તે ગામો વચ્ચેના અંતર તથા માંગેલ માહિતીનો વિશાળ વ્યાપ જોતા તાર્કિક રીતે જવાબ /અહેવાલની વિગતો સાચી જણાતી નથી.

૫.૯ જાહેર માહીતી અધિકારીશ્રીઓ (જા.મા.અધિ.શ્રીઓ) ની તથા પ્રથમ અપીલ અધિકારીશ્રી ની કામગીરી બાબતે આયોગના તારણો :

૫.૯(૧) જા.મા અધિ શ્રીઓ દ્વારા રજુ કરવામા આવેલ અહેવાલ તથા સુનાવણીમાં રજુ કરેલ

રજૂઆતો વિસંગતતાઓ જોવા મળેલ છે.

પ.૯(૨) જાહેર માહીતી અધિકારીશ્રીઓ (જા.મા.અધિ.) ને એક પછી એક ફરીયાદીશ્રીને શુ માહીતી આપી તે બાબતે આયોગ દ્વારા જવાબ લેવામાં આવતાં - પુછવામાં આવતાં તેઓ પણ કોઈ પ્રતિતિકારક જવાબ આપી શકેલ ન હતા. જાહેર માહીતી અધિકારીશ્રીઓ દ્વારા આયોગને મોકલેલ અહેવાલ તથા સુનાવણી દરમ્યાન આપેલ જવાબમાં પણ વિસંગતતા જણાઈ આવેલ છે. (ઉપર દર્શાવેલ ટેબલ I મુજબ)

પ.૯(૩) ફરીયાદીશ્રીના જણાવ્યા મુજબ તેમજ જા.મા.અધિ.શ્રીઓએ આયોગને મોકલેલ અહેવાલમાં જણાવ્યા મુજબ , જા.મા.અધી.શ્રીઓ એ તા.૧૦-૨-૨૦૨૪, તા.૧૧-૨-૨૦૨૪ તથા ૨૫-૩-૨૦૨૪ની જાહેર રજાના દિવસોએ કેટલીક ગ્રામ પંચાયતે જઈ રેકર્ડ નિરીક્ષણ કરેલ તે બાબત પણ તાર્કિક રીતે યોગ્ય જણાતી નથી. (ઉપર દર્શાવેલ ટેબલ B મુજબ)

પ.૯(૪) પ્રથમ અપીલ અધિકારીશ્રીએ પ્રથમ અપીલની સુનાવણી બાદ કરેલ પોતાના હુકમનુ પાલન જા.મા.અધિ.શ્રીઓએ કરેલ છે કે કેમ તે બાબતે ચોકસાઈ કરેલ નથી.'

પ.૯(૫) જા. મા.અધિ.શ્રીઓએ તથા પ્ર અ. અધિશ્રીએ આયોગના રીમાર્કસ પત્ર તથા સુનાવણી નોટીસ અન્વયે માહીતી આયોગને સમયસર અહેવાલ મોકલેલ નથી.

પ.૯(૬) જા.મા.અધિ શ્રીઓએ માહીતીનો અધિકાર અધિનિયમ -૨૦૦૫ની જોગવાઈને અનુરુપ કાર્યવાહી કરેલ નથી અને અધિનિયમની જોગવાઈઓને હળવાસથી લઈ તેના હાર્દ વિપરીત કાર્યવાહી કરી હોય તેમ જણાય છે.

પ.૯(૭) જાહેર માહિતી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રીઓની કામગીરી માટે પંચાયત ધારો-૧૯૯૩ના પ્રકરણ-૧ના ભાગ-૧(ઘ)ની કલમ-૧૧૪(૧,૨,૩) હેઠળ પંચાયતનોના અધિકારીઓ અને નોકરો બાબતેની વિગતો ધ્યાને લેતા તથા તલાટી મેન્યુઅલ-૨૦૦૮ના પ્રકરણ-૧ના ૨(સી)માં દર્શાવેલ કાર્યો અને ફરજો ધ્યાને લેતાં તલાટીશ્રી ગ્રામ્ય કક્ષાએ રોજબરોજના પ્રજાલક્ષી કામો, સરકારી/સહાયકારી યોજનાઓ તથા તેના માટે જોઇતા પ્રમાણપત્રો/દાખલા ઇસ્યુ કરવા માટે ગ્રામ કક્ષાએ એક માત્ર પાયાનું અગત્યનું એકમ છે. માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ના અમલીકરણ માટે પણ રેકર્ડ અપડેટ રાખે અને માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ આવેલ અરજીઓની માહિતી અરજદારોને સમયસર, સચોટ અને રેકર્ડ આધારિત મળી રહે તે માટે સક્ષમ સત્તાધિકારીશ્રીનું ધ્યાન દોરવા અને કાર્યવાહી કરવી યોગ્ય જણાય છે.

ક. માહિતીનો અધિકાર અધિનિયમ -૨૦૦૫માં નીચે મુજબની જોગવાઇઓ ધ્યાને લેવી યોગ્ય જણાય છે.

ક.૧ અત્રે એ ઉલ્લેખનીય છે કે માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ના આમુખમાં દર્શાવેલ છે કે,--------

"પ્રત્યેક જાહેર સત્તામંડળના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી જાહેર સત્તામંડળોના નિયંત્રણ હેઠળની માહિતી નાગરિકો મેળવી શકે તેવા માહિતીના અધિકારના વ્યવહારુ શાસનની રચના કરવા, કેન્દ્રીય માહિતી પંચ અને રાજ્ય માહિતી પંચોની રચના અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબતનો અધિનિયમ

ભારતના સંવિધાને લોકશાહી ગણરાજ્યની સ્થાપના કરેલ છે;

અને લોકશાહીની અતિ આવશ્યક કામગીરી માટે નાગરિકોને માહિતગાર રાખવા
અને માહિતીની પારદર્શિતા જળવાય તે જરૂરી છે અને ભ્રષ્ટાચારને નિયંત્રણમ રાખવા અને સરકારો અને તેના માધ્યમો પ્રજાને જવાબદાર રહે તે પણ જરૂરી છે;

અને ખરેખર વ્યવહારમાં માહિતીને જાહેર કરવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન, મર્યાદિત નાણાકીય સાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતાની જાળવણી સહિતના બીજા જાહેર હિતો સાથે સંઘર્ષ થાય તેમ છે;

અને લોકશાહી આદર્શની સર્વોપરિતા જાળવતી વખતે આ સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવી પણ જરૂરી છે.

તેથી, હવે, જે નાગરિકો માહિતી મેળવવા માગતા હોય તેમને અમુક માહિતી પૂરી પાડવા માટેની જોગવાઈ કરવી ઇષ્ટ છે."

ક.૨ અત્રે એ ઉલ્લેખનીય છે કે, માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત નાગરીકોએ માહિતી માંગવા માટે નીચે મુજબની જોગવાઈઓ છે.

- કલમ-૬(૧) : "આ અધિનિયમ હેઠળ કોઈ માહિતી મેળવવા માગણી કરનાર વ્યક્તિએ, અંગ્રેજી અથવા હિન્દી અથવા જે વિસ્તારમાં અરજી કરવામાં આવતી હોય તેની

રાજભાષામાં લેખિતમાં અથવા ઇલેક્ટ્રોનિક માધ્યમ મારફતે અને ઠરાવવામાં આવે તેટલી ફી સાથે તેણે અથવા તેણીએ માંગેલી માહિતીની વિગતો નિર્દિષ્ટ કરીને......"

- "માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળના ૨૦૧૦ના નિયમો, તા.૨૨/03/૨૦૧૦ના રોજ નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(3)(૧) ની જોગવાઇઓ નીચે મુજબ છે".
- નમૂનો-કનો ક્રમ:3

| ક્રમ નં. | જરૂરી માહિતીની ચોક્કસ બાબતો/જરૂરી માહિતીનો ચોક્કસ વિગતો(ટૂંકમાં) | સમયગાળો |
|---|---|---|

**૬.3 કલમ-૭(૯) : "સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પૂરી પાડવી જોઇશે. સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય."**

- ઉકત વિગતોએ ફરિયાદીશ્રીનું આચરણ વિસંગતતાઓથી ભરેલું અને સંદિગ્ધ હોવાનું જણાય છે. માહિતીનો અધિકાર અધિનિયમના કાયદાના આમુખમાં જાહેર સત્તામંડળના વહીવટમાં પારદર્શિતા, જવાબદેહિતા અને ભ્રષ્ટાચાર નિવારણના મૂળભૂત હેતુથી વિપરીત જઈ કાયદાને ખૂબ જ હળવાશથી લઈ ફરિયાદીશ્રીએ માહિતીનો અધિકાર અધિનિયમના કાયદાનો દુરુપયોગ કરી જાહેર માહિતી અધિકારીશ્રીઓને દબાણમાં લાવવાનો પ્રયત્ન કરેલ હોય તેમ જણાય છે જે ચલાવી લેવાય તેમ ન હોઇ, માહિતીનો અધિકાર અધિનિયમના કાયદાનો મૂળભૂત હેતુ જળવાઇ શકે તે માટે દાખલારૂપ કામગીરી થાય તે ઉચિત જણાય છે અને માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ની મૂળ જોગવાઇ તથા હાર્દને અનુરૂપ જણાતુ ન હોય અને ઉકત કાયદાના મૂળભૂત હેતુને મૂર્તિમંત કરવાના ઉદ્દેશથી આયોગને નીચે મુજબનો હુકમ કરવો ઉચિત જણાય છે.

<u>૭. આયોગ સમક્ષ રજૂ થયેલ ઉક્ત અપીલ અરજીઓ અન્વયે રજૂ થયેલ કાગળો, સુનાવણી દરમ્યાન પક્ષકારો દ્વારા કરવામાં આવેલ રજૂઆતો, સ્પષ્ટતાઓ વગેરે તમામ બાબતો ધ્યાને લેતાં આયોગ નીચે મુજબ હુકમ કરે છે.</u>

-:હુકમ:-

- (A) ફરીયાદીપક્ષ બાબતે આયોગના તારણો મુદ્દા નં.૪ તથા ૬ ની વિગતોના પરિપ્રેક્ષ્યમાં સત્યતા ઉજાગર થાય તે જરૂરી છે અને આ સત્ય હકીકતો બહાર આવે તે માટે રાજય સરકારના ગૃહ વિભાગ હેઠળના પોલીસ ખાતાના સી.આઇ.ડી. (ક્રાઇમ) મારફતે યોગ્ય તપાસ થાય તે ન્યાયોચિત જણાય છે. ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની લાગુ પડતી જોગવાઈઓને અનુરૂપ અને ઉપરની વિગતેની વિસંગતતાઓ બાબતે તે તમામ સંદર્ભમાં રાજ્યના ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડીપાર્ટમેન્ટ (સી.આઈ.ડી.-ક્રાઇમ) દ્વારા વિગતવાર તપાસ કરાવવામાં આવે અને તપાસ દરમિયાન ઉપલબ્ધ થયેલ હકીકતો અને પુરાવાના આધારે ફરિયાદી વિરૂધ્ધ યોગ્ય જણાયે લાગુ પડતા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની જોગવાઈઓ અનુસાર ફરિયાદ નોંધીને, જરૂરી કાર્યવાહી કરવાના સી.આઈ.ડી.(ક્રાઇમ)ને આદેશ આપવા, તપાસમાં થયેલ પ્રગતિ અંગેની વિગતોનો ત્રિમાસિક અહેવાલ આયોગ સમક્ષ રજૂ કરવા માટે પણ જણાવવામાં આવે, તે માટે આયોગની ભલામણ સહ આદેશો છે.
- આ હુકમની એક નકલ અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગને પણ મોકલવામાં આવે.
- આ હેતુ માટે આયોગના હુકમની એક નકલ અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને આયોગ સમક્ષ રજૂ થયેલ તમામ રેકર્ડ, તમામ પત્રવ્યવહાર અને અહેવાલ સહિત મોકલવામાં આવે.

- (B) આયોગની વિવિધ સુનાવણી દરમ્યાન એ બાબત ધ્યાન પર આવેલ છે કે, જાહેર માહીતી અધિકારીશ્રીઓ અને તલાટી કમ મંત્રીશ્રીઓ દ્વારા ઉપરોકત વિગતે જાહેર માહીતી અધિકારીશ્રીઓની તથા પ્રથમ અપીલ અધિકારીશ્રીની કામગીરી બાબતે આયોગના મુદ્દા નં.૫ અને ૬ માં દર્શાવેલ વિગતોના પરિપ્રેક્ષ્યમાં જણાઈ આવેલ ક્ષતિઓ માટે જાહેર માહિતી અધિકારીશ્રીઓ તથા પ્રથમ અપીલ અધિકારીશ્રીના સંદર્ભે માહિતીનો અધિકાર અધિનિયમ -૨૦૦૫ની જોગવાઈઓથી વિપરીત જવાબ તથા કાયદાના અમલીકરણમાં દાખવેલ શીથીલતા બાબતે પુનરાવર્તન ના થાય અને ભવિષ્યમાં કાયદાના પાલન કરવા બાબતે યોગ્ય તે અનુસરણ થાય તે માટે આ હુકમની એક નકલ વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગરને જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારુ મોકલવામાં આવે અને તેઓના વિભાગ હસ્તકના જાહેર માહિતી અધિકારીશ્રીઓ/પ્રથમ અપીલ અધિકારીશ્રી દ્વારા માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ની જોગવાઈઓનુ ચુસ્ત રીતે પાલન થાય તે બાબતની સુચનાઓ પરિપત્રિત કરવા આયોગ ભલામણ કરે છે.

- (C) આયોગના ઉકત હુકમના અમલમાં થયેલ પ્રગતિની વિગતો સમયાંતરે મેળવીને, રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી સમક્ષ કે તેઓના આદેશો અનુસાર આયોગની બેઠકમાં રજૂ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા સારુ આયોગના સચિવશ્રીને જણાવવામાં આવે છે અને આ હેતુસર પ્રસ્તુત હુકમની એક નકલ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગને પણ આપવામાં આવે.

- (D) ઉક્ત સમગ્ર વિગતો ધ્યાને લેતા, જે જાહેર માહિતી અધિકારીઓ દ્વારા સમયમર્યાદામાં વિવાદીને માહિતી/પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી તેઓ વિરૂધ્ધ દંડનીય/શિક્ષાત્મક કાર્યવાહી કરવાની કે વિવાદીને ખર્ચ કે વળતર ચૂકવવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામા આવતી નથી, આમ છતાં જે જાહેર માહિતી અધિકારી દ્વારા સમયમર્યાદામાં વિવાદીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી તેઓને ભવિષ્યમાં મળનાર અરજીઓ પરત્વે અધિનિયમમાં દર્શાવેલ સમયમર્યાદામાં યોગ્ય નિર્ણય કરવાની કાળજી રાખવામાં જણાવવામાં આવે છે.

ઉક્ત આદેશ અન્વયે ઉકત તમામ ૩૨ ફરીયાદો/અપીલોનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(મનોજ પટેલ)
રાજય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર.

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર